દેશમાં કોરોનાની સુનામી, એક દિ'માં ૩.૪૯ લાખથી વધુ કેસ

દેશમાં એક જ દિવસમાં ૨૭૬૭ દર્દીઓના મોત : દૈનિક કેસના આંકમાં તો ભારતે હવે યુએસને પણ પાછળ હડસેલ્યું : દેશભરમાં ૧૪૦૯૧૬૪૧૭ને રસી અપાઈ

નવી દિલ્હી, તા. ૨૫

દેશમાં કોરોના (Corona Virus) ની લહેર નહીં પરંતુ સુનામી જોવા મળી રહી છે. દૈનિક કેસના આંકડામાં તો ભારતે હવે અમેરિકાને પણ પાછળ હડસેલી દીધુ છે. હાલાત પર કાબૂ મેળવવા માટે અનેક રાજ્યોમાં લોડાઉન અને નાઈટ કર્ફ્યૂ ચાલુ છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં કોરોનાના નવા ૩.૪૯ લાખથી વધુ કેસ નોંધાયા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં કોરોનાના નવા ૩,૪૯,૬૯૧ કેસ નોંધાયા છે. આ સાથે કુલ કેસનો આંકડો ૧,૬૯,૬૦,૧૭૨ પર પહોંચ્યો છે. જેમાંથી ૧,૪૦,૮૫,૧૧૦ દર્દીઓ રિકવર થયા છે જ્યારે ૨૬,૮૨,૭૫૧ દર્દીઓ હજુ પણ સારવાર હેઠળ છે. એક જ દિવસમાં કોરોનાથી ૨૭૬૭ દર્દીઓના મોત થયા છે. કોરોનાથી કુલ મૃત્યુનો આંકડો ૧,૯૨,૩૧૧ પર પહોંચ્યો છે. રસીકરણ અભિયાન હેઠળ દેશભરમાં અત્યાર સુધીમાં ૧૪,૦૯,૧૬,૪૧૭ લોકોને રસી આપવામાં આવી છે. દિલ્હીમાં ૬ દિવસનું લોકડાઉન લાગેલુ હતું તેની સમય મર્યાદા આવતી કાલે એટલે કે સોમવારે સવારે ૫ વાગે પૂરી થઈ રહી છે. દિલ્હીમાં કોરોના સંક્રમણનો દર જરાય ઓછો થતો જોવા મળતો નથી ગત દિવસોની સરખામણીમાં તે વધીને હવે ૩૨ ટકા પર પહોંચી ગયો છે. જેના કારણે સરકાર એક અઠવાડિયાનું લોકડાઉન વધારી શકે છે. રાજધાનીના ૭૦ ટકા વેપારીઓ લોકડાઉનને ૨૬ એપ્રિલથી આગળ વધારવાના પક્ષમાં છે. આ બધા વચ્ચે દિલ્હી સરકારના એક અધિકારીના હવાલે હિન્દુસ્તાન ટાઈમ્સે જણાવ્યું છે કે ઢઢસ્છ દ્વારા રવિવારે લોકડાઉન આગળ વધારવાનો આદેશ બહાર પાડવામાં આવશે. છેલ્લા ૨૪ કલાકના આંકડા મુજબ દિલ્હીમાં એક્ટિવ દર્દીઓની સંખ્યા એક લાખ નજીક પહોંચી રહી છે. દિલ્હીમાં પોઝિટિવિટી રેટ ૩૨.૨૭% છે. હાલ ૯૩,૦૮૦ એક્ટિવ કેસ છે. ગુજરાતમાં શનિવારે આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ એક જ દિવસમાં નવા ૧૪૦૯૭ કેસ નોંધાયા છે. જ્યારે ૧૫૨ દર્દીના મોત થયા છે. ૬૪૭૯ દર્દીઓ રિકવર થયા છે. સૌથી વધુ કેસ અમદાવાદમાં ૫૬૮૩ નોંધાયા છે. સુરતમાં એક જ દિવસમાં કોરોનાના નવા ૨૬૮૬ દર્દી નોંધાયા છે.

કોરોના કોર્નર

- ઈન્ડિયન બાયોટેક અને આઈસીએચઆરના પ્રયત્નોથી બનેલી સ્વદેશી કોરોના વેક્સિનની કિંમતો જાહેર કરી છે. રાજ્ય સરકારને રૂ. ૬૦૦ અને ખાનગી હોસ્પિટલોને રૂ. ૧૨૦૦ ના ભાવે આપવામાં આવશે.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મનકી બાત કાર્યક્રમમાં કોરોના અને વેક્સિનેશન બાબતે ડૉક્ટરો સાથે વાત કરી હતી.
- સતત ચોથા દિવસે ભારતમાં ૩ લાખથી વધુ કોરોના પોઝીટીવના દર્દીઓ મળી આવ્યા છે.
- છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૨.૧૫ લાખ દર્દી સાજા થયા છે.
- ૧૬ જાન્યુઆરીથી ૨૪ એપ્રિલ દરમ્યાન એટલે કે ૯૯ દિવસમાં ૧૪ કરોડ ૮ લાખ ૨ હજારથી વધુ વસ્તીને વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- દેશમાં ૧૧ કરોડ ૮૫ લાખ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે.
- ગુજરાતની પરિસ્થિતિ અંગેની સમીક્ષા બેઠકમાં કેન્દ્રના ગૃહમંત્રી અમીત શાહે અધિકારીઓનો ઉધડો લીધો હતો.
- રાજ્યમાં સ્થિતિ ગંભીર બની રહી હોવાથી નોઈડાથી ૫૦૦ નવા વેન્ટીલેટર ગુજરાત લાવવામાં આવ્યા છે.
- કચ્છના કલેક્ટર પ્રવીણા ડી.કે. કોરોનાથી સંક્રમિત થયા છે.
- શ્રીલંકામાં કોરોના વાયરસનો વધુ શક્તિશાળી નવો સ્ટ્રેન સામે આવ્યો : એક કલાક લુપ્ત વાતાવરણમાં જીવતો રહી શકે છે સ્ટ્રેઈન.
- સિંગોપોરથી આજે ૪ ક્રાયોજેનિક ઓક્સિજન ટેન્ક સાથે ઈન્ડિયન એરફોર્સના વિમાન ભારત પહોંચશે.

વારેણાબોરટીંબા જમીન પ્રકરણ

વિવાદીની વિવાદ અરજી કલેક્ટરે નામંજૂર કરી, નારાજ હોય તો મહેસૂલ સચિવ સમક્ષ જાઓ

બાયડ મામલતદાર કચેરીના દસ્તાવેજ નોંધણી અધિકારી વિરૂદ્ધ ખોટા આરોપ મૂકનારા સાણસામાં આવશે

બાયડ, તા.૨૫

બાયડ તાલુકાની વારેણાબોરટીંબા ગામના સીમાડામાં આવેલી ખાતા નં.૩૬૪ થી આવેલ સર્વે નં.૪૦૨ તથા ૪૦૩ ની જમીનમાં વેચાણ અંગેની નોંધ મામલે વિવાદ ઉભો થયા પછી બાયડ મામલતદાર કચેરીના દસ્તાવેજ નોંધણી અધિકારી ધવલ જશુભાઈ પટેલ અને એચ.એમ.પરમાર સામે ખોટા આરોપ મૂકવામાં આવ્યા છે ત્યારે વિવાદીની વિવાદ અરજી કલેક્ટરે નામંજૂરી કરી નારાજ હોય તો મહેસૂલ સચિવ સમક્ષ જઈ શકે છે તેવું ચૂકાદામાં નોંધ્યું છે. આ સંજોગોમાં દસ્તાવેજ નોંધણી અધિકારી વિરૂદ્ધ ખોટા આક્ષેપ મૂકનારા સાણસામાં આવશે અને આ અંગેની તૈયારીઓ શરૂ થઈ છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર બાયડ તાલુકાના વારેણાબોરટીંબા ગામની સીમમાં આવેલ જમીનમાં વેચાણ અંગેની નોંધ નં.૨૫૯૧ તા.૧૩-૫-૨૦૧૯ના રોજ રેવન્યુ રેકર્ડે દાખલ થયેલ જેની સામે તકરારી કેસ ચાલી જતાં બાયડ મામલતદાર દ્વારા તા.૬-૭-૨૦૧૭ના રોજ વાદગ્રસ્ત નોંધ મંજૂર કરતો હુકમ કરવામાં આવ્યો હતો જે હુકમથી નારાજ થઈ આ કામના પ્રતિવાદીઓએ નાયબ કલેક્ટર-બાયડની કોર્ટમાં અરજી દાખલ કરી હતી. જેમાં પ્રતિવાદી જયરામભાઈ રબારીની વિવાદ અરજી મંજૂર કરી મામલતદાર-બાયડનો હુકમ રદ કરી વાદગ્રસ્ત નોંધ મંજૂર કરતો હુકમ થયો હતો. જે નિર્ણયથી નારાજ થઈ આ કામના વિવાદી સાદેવભાઈ હારજણભાઈ દેસાઈ(બોરમઠ, તા.બાયડ)એ અરવલ્લી જિલ્લા કલેક્ટરની કોર્ટમાં તા.૮-૧૦-૨૦૨૦ના રોજ રીવીઝન અરજી દાખલ કરેલ અને આ કેસમાં વિવાદી તરફે થયેલી દલીલો અને પ્રતિવાદી તરફે રજૂ થયેલ દલીલોને સાંભળ્યા પછી વિવાદી અને પ્રતિવાદી વચ્ચે તા.૨૪-૧૦-૨૦૧૭ના રોજ સવાલવાળી જમીન બાબતે ઈરીવોકેબલ જનરલ પાવર ઓફ એટર્ની રજીસ્ટર્ડ થયેલ હતી તે દિવસે રૂા.૧૦૦ના સ્ટેમ્પ ઉપર કબુલાતનો દસ્તાવેજ પણ રજીસ્ટર્ડ થયો હતો. વિવાદીની મુખ્ય રજુઆત હતી કે કબુલાતના દસ્તાવેજ મુજબ સદર ઈરીવોકેબલ જનરલ પાવર ઓડ એટર્ની ૧૩ માસ માટે અમલી હતી અને આ મુદત વિત્યા બાદ તે આપમેળે રદ થયેલ ગણાય. જ્યારે આ કામના પ્રતિવાદીએ ૧૩ માસની મુદત વિત્યા બાદ પાવર ઓફ એટર્નીનો ઉપયોગ કરી તા.૨૮-૧૧-૨૦૧૮ ના રોજ રજી. વેચાણ દસ્તાવેજ કરાવેલ છે જેથી તેના આધારે દાખલ થયેલ વાદગ્રસ્ત વેચાણ નોંધ મંજૂર કરવા રજૂઆત કરી હતી. તદ્ઉપરાંત આ કામના પક્ષકારો વચ્ચે તા.૨૪-૧૦-૨૦૧૭ના રોજ રજીસ્ટર્ડ થયેલ જનરલ પાવર ઓફ એટર્ની એ ઈરીવોકેબલ જનરલ પાવર ઓફ એટર્ની છે. જ્યારે તે જ દિવસે અલગથી નોંધવામાં આવેલ કબુલાત દસ્તાવેજમાં ૧૩ માસની મુદત માટે અમલી રહેશે તે મુજબની કબુલાત કરવામાં આવેલ છે જે બંન્ને બાબતો પરસ્પર વિરોધાભાસી છે અને પાવર ઓફ એટર્ની એક્ટ ૧૮૮૨ની જોગવાઈઓ સાથે સુસંગત જણાતી નથી તેમ છતાં વિવાદીને લાગતુ હોય કે પ્રતિવાદી દ્વારા તેમની વચ્ચે થયેલ કબુલાત કરારની શરતોમાં ભંગ કરવામાં આવેલ છે તો ખોટી રીતે વેચાણ દસ્તાવેજ કરવામાં આવેલ છે તો તેના માટે સિવિલ કોર્ટ સમક્ષ દાદ મેળવવાની રહે છે. સવાલવાળી જમીન તારણમાં હોવા છતાં સદર વેચાણ નોંધ મંજૂર કરવામાં આવી છે. પરંતુ નાયબ કલેક્ટર-બાયડના હુકમોની વિગતો ધ્યાને લેતાં આ કામના પ્રતિવાદીઓએ બોજાની રકમ ભરપાઈ કરવા સોગંદનામું કરી નીચલી કોર્ટ સમક્ષ સંમતિ આપી છે. સવાલવાળી જમીનના ઓનલાઈન રેકર્ડથી ચકાસણી કરતાં બેન્ક ઓફ ઈન્ડીયા-બાયડ શાખાના તા.૨-૧૨-૨૦૨૦ના બોજામુક્તિના દાખલાના આધારે નોંધ નં.૨૬૭૨ તા.૩-૧૨-૨૦૨૦ થી બોજામુક્તિની નોંધ દાખલ કરવામાં આવેલ છે અને વેચાણ રાખનાર ખેડૂત ખરાઈ થઈને આવેલ છે અને ખેતીની જમીન વેચાણ રાખનાર જયરામભાઈ રબારી મહેસાણા જિલ્લાના ચલુવાના ખેડૂત ખાતેદાર છે. આ તમામ દલીલો ગ્રાહ્ય રાખ્યા પછી અરવલ્લી જિલ્લા કલેક્ટરે નાયબ કલેક્ટર-બાયડ દ્વારા લેવાયેલ નિર્ણયમાં કોઈ હસ્તક્ષેપ કરવો ઉચિત જણાતો ન હોઈ નાયબ કલેક્ટર-બાયડના હુકમ નં.આર.ટી.એસ.-૧૦૮(૫)/કેસ નં.૩૦ /૨૦૧૯ કાયમ રાખવા હુકમ કર્યો છે. હુકમથી પક્ષકારો નારાજ હોય તો દિન-૬૦માં સચિવ મહેસૂલ વિભાગ(વિવાદ) ગુજરાત સરકાર ગોતા, અમદાવાદની કોર્ટમાં અપીલ રાહે દાદ મેળવી શકે છે પરંતુ સમગ્ર બાબતમાં બાયડ મામલતદાર કચેરીના દસ્તાવેજ નોંધણી અધિકારી સામે ગંભીર આક્ષેપો થયા હતા જેથી આવા આક્ષેપ કરનારાઓને કોર્ટમાં ઢસડી જવા માટેની તૈયારીઓ શરૂ થયાનું જાણવા મળ્યું છે.

મારી સામે કરાયેલા તમામ આક્ષેપ બેબુનિયાદ, કાર્યવાહી થશે : દસ્તાવેજ નોંધણી અધિકારી

બાયડ મામલતદાર કચેરીના દસ્તાવેજ નોંધણી અધિકારી સામે વારેણાબોરટીંબા જમીનમાં બોજો હોવા છતાં નોંધ મંજૂર કરવા બાબતે તોડ કર્યો છે, ભ્રષ્ટાચાર આદર્યો છે તેવા આક્ષેપ થયા છે તે તમામ આક્ષેપ બેબુનિયાદ છે અને આ માટે કાનૂની નિષ્ણાતની મદદ લેવામાં આવી છે અને જરૂરી કાર્યવાહી થશે તેમ જણાવ્યું હતું.

ખબરીલાલની દુકાન બંધ થઈ જતાં દાવપેચ અજમાવ્યા

બાયડ મામલતદાર કચેરીમાં દલાલોની હાજરી જોવા મળે છે. ગાંધીનગર સમાચારમાં અહેવાલ પ્રસિદ્ધ થયા પછી કહેવાતા ભઈ, સાહેબોના તમામ વહીવટદારોને કચેરીમાંથી તગેડી મૂકવામાં આવ્યા છે. કોરોનાકાળમાં બેનંબરની આવક બંધ થઈ જતાં હવે ખબરીલાલ કામધંધા વગરના થઈ ગયા છે અને દુકાન બંધ થઈ જતાં મામલતદાર કચેરીના નિષ્ઠાવાન કર્મચારીઓ ઉપર કાવદ ઉછાળવાના દાવપેચ અજમાવ્યા છે પરંતુ તે દાવ ઉંધો પડ્યો છે.

મહીસાગરનો ગરીબ પરિવાર રીક્ષામાં ઓક્સીજન સાથે કોરોના સંક્રમીત

દર્દીને લઈ છેલ્લા બે દિવસથી સારવાર માટે રઝળપાટ, અરવલ્લી ડીડીઓ વ્હારે આવ્યા

અરવલ્લી, તા.૨૫

અરવલ્લી જીલ્લામાં કોરોનાનો રાફડો ફાટી નીકળ્યો છે. જેના કારણે જિલ્લામાં હાલમાં કોઈ હોસ્પિટલમાં દર્દીની સારવાર માટે ઓક્સિજન બેડની કોઈ વ્યવસ્થા ના હોવાના કારણે સારવાર માટે ભારે રઝળપાટ કરવાની સાથે દર્દીઓ મોતને ભેટી રહ્યાં છે. મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં આજુબાજુના જીલ્લા સહીત રાજસ્થાનથી દર્દીઓ કોરોનાની સારવાર માટે એનકેન પ્રકારે પહોંચી રહ્યા છે ત્યારે મહીસાગર જીલ્લાના વડધરી ગામનો ગરીબ પરિવાર ઘરના મોભીને કોરોનાગ્રસ્ત થતા મહીસાગર જીલ્લામાં સારવાર ન મળતા ઓક્સીજનની બોટલ સાથે રિક્ષામાં અરવલ્લી જીલ્લાની સરકારી કોવીડ હોસ્પિટલોમાં સારવાર માટે છેલ્લા ૨૪ કલાકથી ભટકી રહ્યો છે કોરોનાગ્રસ્ત દર્દીને ઓક્સીજનની સતત જરૂર હોવાથી રીક્ષામાં ઓક્સીજનની બોટલ સાથે દર્દીના પરિવારજનો ઝડપથી સારવાર માટે કાકલુદી કરી રહ્યા હોવાથી મીડિયા સામે પરીવારની મહિલા અને રીક્ષા ચાલકે દર્દીને ઝડપથી સારવાર મળે તે માટે આજીજી કરતા નજરે ચઢ્યા હતા મહિલાની આંખોમાં આંસુ પણ સુકાતા નથી.

ગુજરાતમાં કોરોના સંક્રમીત દર્દીઓની સંખ્યા સતત વધતા સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં ઓક્સીજન અને વેન્ટીલેટર બેડ ફૂલ થઈ ગયા છે મહીસાગર જીલ્લામાં કોરોના સંક્રમણ રોકેટ ગતિએ વધી રહ્યું છે મહીસાગર જીલ્લામાં કોરોના સંક્રમીત દર્દીઓ યોગ્ય આરોગ્યલક્ષી સેવાના અભાવે હાલત કફોડી બની છે ત્યારે મહીસાગર જીલ્લાના વડધરી ગામનો એક ગરીબ મહિલા અને તેનો પરિવાર તેમના સ્વજનને અરવલ્લી જીલ્લામાં યોગ્ય સારવાર મળી રહેશેને આશાએ રિક્ષામાં ઓક્સીજન સીલીન્ડર સાથે પહોંચ્યા પછી સરકારી કોવીડ હોસ્પિટલમાં બેડ ન મળતા છેલ્લા ૨૪ કલાકથી દર્દીને રીક્ષામાં ઓક્સીજન આપી રહ્યો હોવાની સાથે સારવાર માટે ભારે રઝળપાટ કરી રહ્યો છે અરવલ્લી જીલ્લામાં ઉભી કરેલ સરકારી કોવીડ હોસ્પીટલના બેડ ફૂલ હોવાથી ફરજ પરના તબીબો પણ કોરોના સંક્રમીત દર્દીની સારવાર કરવા લાચારી અનુભવી રહ્યા હોય તેમ એક હોસ્પીટલ થી બીજી હોસ્પીટલ ધકેલી રહ્યા હોવાનું ગરીબ પરિવારના સ્વજને જણાવ્યું હતું.

અરવલ્લી જીલ્લા વિકાસ અધિકારી ડો.અનીલ ધામેલીયા ગરીબ પરિવારની વ્હારે

મહીસાગર જીલ્લાના વડધરી ગામનો ગરીબ લાચાર પરીવાર છેલ્લા બે દિવસથી ઘરના મોભીને કોરોના થતા ઓક્સીજનની બોટલ સાથે રિક્ષામાં સારવાર માટે ભટકી રહ્યો હોવાના સમાચાર સ્થાનીક યુ-ટ્યૂબ ચેનલ પર પ્રસારીત થતા જીલ્લા વિકાસ અધિકારી ડૉ.અનીલ ધામેલીયાને ધ્યાને આવતા તાબડતોડ ગરીબ પરિવારનો ટેલીફોનીક સંપર્ક કરી તેમના સ્વજનને યોગ્ય સારવાર મળે તે માટે યોગ્ય વ્યવસ્થા કરવા સ્થાનિક આરોગ્ય તંત્રને તાકીદ કરતા ગરીબ પરીવારની ચીંતા દૂર થતા હાશકારો અનુભવ્યો હતો.

જન્મદિને વધામણી

વિજયભાઈ બી. સોની
(ક્રિષ્ણા જ્વેલર્સ, સાઠંબા)
બાયડ, જિ. અરવલ્લી

બેટીયાં સ્કુલ ચલો.. બાયડના પ્રાથમિક શિક્ષક

ધર્મેશ સોનીએ ૪૦૦૦ કન્યાઓને શિક્ષણ માટે સજ્જ કરી

શિક્ષણ વિભાગે અભિયાન બિરદાવ્યું : ખબરદાર જો માસ્તરને કંજુસ કહ્યા છે તો.. ગરીબ પરિવારની દિકરીઓને સૂકોમેવો, ચપ્પલ, કપડાંનું વિતરણ કરે

શિક્ષક વિશેષ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૫

શિક્ષકને સમાજમાં માસ્તર તરીકે પણ ઓળખાય છે. મા જેટલું સ્તર છે એટલે શિક્ષકને માસ્તરની ઉપમા અપાઈ છે. આજે પણ અનેક લોકો માસ્તરને કંજુસ કહેતા હોય છે પરંતુ ખબરદાર જો આવો શબ્દ વાપર્યો છે તો..બાયડ તાલુકાની પાલડી પ્રા. શાળાના મુખ્ય શિક્ષક ધર્મેશ નવનીતલાલ સોનીએ માસ્તરને કંજૂસ કહેનારાઓને સાવધ કર્યા છે. સવાર, બપોર, સાંજ સદાબહાર ખુશ રહેતા મુખ્ય શિક્ષકે કોઈપણ પ્રકારની અપેક્ષા વગર દર વર્ષે પોતાના પગારમાંથી સરેરાશ ૧.૫૦ લાખ રૂપિયા કન્યાઓના શિક્ષણ માટે અને બાળકો માટેની રચનાત્મક પ્રવૃત્તિ પાછળ ખર્ચી રહ્યા છે. તેમના સારા કામથી પ્રોત્સાહીત થઈ અનેક દાતાઓ તેમને પરોક્ષ મદદ કરી રહ્યા છે. સેવાભાવી સંસ્થામાં પ્રમુખ સહિતની જવાબદારીઓ નિભાવી છે. બેટીયાં સ્કુલ ચલો..નો અનોખો નારો આપી પાછલા ૧૩ વર્ષમાં માત્ર બાયડ તાલુકાની ૪૦૦૦ કન્યાઓને શિક્ષણ માટે સજ્જ કરી જેની ગુજરાતની ભાજપ સરકારે પણ નોંધ લઈ બેટીયાં સ્કુલ ચલો..અભિયાનને બિરદાવ્યું છે. પોતાના જન્મ દિવસની વૃક્ષો વાવી રક્તદાન કરી અને ક્યારેક ગરીબ વસતીમાં જઈને બાળકોને મીઠાઈનું વિતરણ કરી ઉજવણી કરે છે.

રસ્તે જતું બાળક ધોમધખતા તાપમાં ખુલ્લા પગે હોય તો કોઈની મદદ મળી જાય અને આવા બાળકોને નવાં પગરખાં આપે તો સમજવું કે પાલડી પ્રા. શાળાના મુખ્ય શિક્ષક ધર્મેશ સોની તો નથી ને..?? બાયડ તાલુકામાં કાંકરીટનાં જંગલો ખડકાયાં છે ચકલીનો ચીંચીં અવાજ ગાયબ થઈ ગયો છેલ્લા ૪ વર્ષથી ચકલીના માળાઓનું વિતરણ કરી બાયડમાં હવે ઘેર..ઘેર ચકલીની ચીંચીં ગુંજ સાંભળવા મળે છે તેનો શ્રેય પણ પ્રા. શિક્ષકને આપવો જોઈએ. કડકડતી ઠંડી હોય અને કોઈ ભિક્ષુક ફુટપાથ કે શોપીંગના ઓટલે થરથર કાંપતો સૂઈ રહ્યો હોય અને તેને ગરમ ધાબળાની અંધારામાં ભેટ આપી કોઈ રવાના થઈ ગયું હોય તો સમજવું કે પ્રા.શિક્ષક ધર્મેશ સોનીનું જ આ સેવાકીય કાર્ય હોય. પરગજું પ્રા.શિક્ષક માટે લખવું હોય તો એક મહિનાનો સમય પણ ઓછો પડે પરંતુ પ્રા.શિક્ષક દ્વારા થતા સારા કાર્યોની સમજ સમાજ સુધી પહોંચાડવાનો અખબારનો ધર્મ હોય છે. તે પરંપરાને જાળવી રાખીને વધુ એક શિક્ષકને શિક્ષક વિશેષમાં સ્થાન આપ્યું છે. દર વર્ષે સરકાર દ્વારા યોજાતા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં બાયડ તાલુકાના પ્રા.શિક્ષકો સૌ પ્રથમ ધર્મેશ સોનીને યાદ કરતા હોય છે. શાળામાં પ્રવેશ મેળવતા તમામ બાળકોને તેમના દ્વારા દફતર, પાટીપેનની ભેટ આપવામાં આવે છે. ગૌરીવ્રત હોય ત્યારે ગરીબ પરિવારની કન્યાઓને ઘેર..ઘેર જઈને સૂકામેવાની ભેટ આપવામાં આવે છે. સામાન્ય પગારદાર પ્રા.શિક્ષકના આ સેવાકાર્યો સામાન્ય નથી. પ્રા.શિક્ષકને તેમના શિક્ષિકા પત્નિ ભારતીબેન સોનીનો પણ ડગલે ને પગલે અમૂલ્ય સહયોગ બન્યો છે અને તેથી જ તેઓ સેવાકીય કાર્યોમાં તમામ પ્રા.શિક્ષકોને મુઠ્ઠી ઉંચેરા માનવો તરીકેનું સ્થાન અપાવ્યું છે. ધન્ય છે ધર્મેશ સોની જેવા સાચા કર્મયોગી પ્રા.શિક્ષકોને કે જેઓએ શિક્ષણને માત્ર વ્યવસાય તરીકે નહીં પરંતુ ભગવાને સેવાકાર્યો માટે પોતાને પસંદ કર્યા છે તેનું ડગલે ને પગલે ગૌરવ લઈ રહ્યા છે.

પાલડી પંથકનું દર્દી બાયડમાં દાખલ હોય તો ટીફીન સેવા

પાલડી પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકે બેટીયાં સ્કુલ ચલો..ના નારાથી અનેક સમાજમાં નવી ચેતના જગાવી છે. પાલડી પંથકનું કોઈ દર્દી બાયડમાં દાખલ થયું હોય એટલે સ્વાભાવિક છે કે તેમના કોઈ સબંધી બાયડમાં ન હોય ત્યારે ધર્મેશ સોની અને તેમનો પરિવાર દર્દીના પારિવારીક સબંધી બની જાય છે અને દર્દી દાખલ થયું હોય અને હોસ્પિટલમાંથી રજા મળે ત્યાં સુધી તેમના ઘરેથી સવાર-સાંજ ટીફીનની સેવા આપવામાં આવે છે. ક્યારેક દર્દી ઘરે જવા માટે ચાલી ને સક્ષમ ન હોય તો પોતાના વાહનમાં બેસાડીને તેના ઘરે મૂકી આવે છે.

મારૂ સેવા કાર્ય મિત્રોને આભારી..

પાલડી પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક ધર્મેશ સોનીએ જણાવ્યું કે હું જે કંઈ સેવા કાર્ય કરી રહ્યો છું તે સૌ પ્રથમ ભગવાનને આભારી છે ત્યારબાદ જાયન્ટ્સ ગ્રૂપ ઓફ બાયડ જેવી સેવાભાવિ સંસ્થાનું પ્લેટફોર્મ અને સેવાકાર્યમાં મને આર્થિક અને સમયદાન આપતા સૌ મિત્રોને આભારી છે.